# પ્રાસંગિક વાત.....

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

પ્યારી દીની ભાઈઓ ! બહેનો ! ઈસ્લામ પ્યાર મહોબ્બતનો મઝહબ છે. ઈસ્લામ માબાપથી મહોબ્બત કરવા, ઔલાદથી હેત રાખવા, ભાઈ બહેન સાથે લાગણી વહેંચવા, સગાંઓનું દિલ જીતવા, પડોશીઓને ખુશ રાખવા તથા સમગ્ર ઈમાનવાળા મુસ્લિમોનું ભલુ ચાહવાનું શીખવાડે છે. તેમજ ગૈરો સાથે પણ બંદા તરીકે, પડોશી તરીકેના હક્કો સાચવી પ્યાર મહોબ્બતનો તથા આપસમાં લાગણીઓની ભીનાશ ફેલાવવાનો માહોલ સર્જવાની તા'લીમ આપે છે જેથી સમગ્ર સમાજમાં શાંતિ તથા સલામતીની બોલબાલા હોય, ન ક્યાંય કંકાસ હોય, ન ઝઘડા હોય, ન ગાળાગાળી, મારામારી, કાપાકાપીનો માહોલ હોય, પણ શર્ત એ કે ઈસ્લામના આદેશોને અનુસરવામાં આવે.

હે લોકો ! પ્રસ્તુત સંક્ષિપ્ત કિતાબ એ સંબંધે તમને દા'વત આપે છે કે આવો ! ઈસ્લામને અનુસરો અને બંને જહાનનું સુકૂન પ્રાપ્ત કરો ! **''બરકાતે ખ્વાજા (માસિક)–દયાદરા''**ના એપ્રિલ–૨૦૧૦ અંકમાં પ્રસિદ્ધ થયેલ લેખ **''સામાજિક ઝઘડા અને ઈસ્લામી તા'લીમાત''** (રજૂકર્તા : **મૌલાના મુફતી મુહમ્મદશાકિર પટેલ મિસ્બાહી** *(હાલ : સેન્ટ્રલ મસ્જિદ, લેસ્ટર, યુ.કે. )* જનાબ ઉષ્માનગનીભાઈ હાપાવાળાને પસંદ પડતાં તેમણે એને અત્રે કિતાબ રૂપે પ્રસિદ્ધ કર્યો છે. ઉમ્મીદ છે કે લોકો તેને દિલની આંખો વડે વાંચી પોતાના જીવનમાં, પોતાના ઘરમાં, પોતાના માહોલમાં એના પર અમલ કરીને શાંતિ તથા સુકૂનનો માહોલ સ્થાપવા કોશિશ કરશે.



રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં **''ગરીબ નવાઝ કમિટી–હાપા''** (જિ. જામનગર)ને દિન દુગની રાત ચોગુની તરક્કી અતા કરે અને એના સહાયકોને બંને જહાનની નેઅમતોથી નવાઝે, તેમના મર્હૂમોની મગફિરત કરે અને ઔલાદને નેક બનાવે અને બંને જહાનમાં આબાદ રાખે. (આમીન)

**–પટેલ શબ્બીર અલી રઝવી** *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

*તારીખ : ૨૩/૪/૨૦૧૦, વાર : જુમ્આ, ૭ જમાદીઉલ અવ્વલ, હિ.સ. ૧૪૩૧*

## અનુક્રમણિકા


- ગુસ્સાની બુરાઈ તથા તેને ઠંડો કરવાનો ઉપાય ૦૪
- ઘમંડની બુરાઈ અને તેનો ઈલાજ ૦૬
- ખુદાના બદ્તરીન બંદા કોણ ?! ૦૮
- કીનો રાખનાર મગફેરતથી મેહરૂમ ! ૦૯
- પડોશી સાથે કઈ રીતે રહેશો ? ૧૦
- સ્ત્રીઓ ખાસ આ હદીષ ધ્યાનપૂર્વક વાંચે ૧૧
- ભાઈ, વડીલ તથા નાના–મોટાના હક્કો ૧૧
- અલ્લાહને રાજી કરવાના નુસ્ખા ૧૨
- સુલેહ કરાવવી સદકો છે ! ૧૪
- ગાળાગાળી તથા જુલમ કરવાથી બચો ૧૫
- હુસ્ને અખ્લાક઼ની ફઝીલત ૧૫

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَارَسُوۡلَ اللّٰہِ　　اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَا نَبِیَّ اللّٰہِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَاحَبِیۡبَ اللّٰہِ　　اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیۡکَ یَا نُوۡرَ اللّٰہِ

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡکَ وَسَلَّمَ

આજે આપણા સમાજનું નિરીક્ષણ કરવામાં આવે તો અસંખ્ય ઝઘડાઓ જોવા મળે છે, ક્યાંક માલ કે રકમની લેતી દેતીના ઝઘડા તો ક્યાંક હોદ્દાની ખેંચાખેંચના ઝઘડા તો ક્યાંક સ્ત્રીની છેડતીના ઝઘડા, ક્યાંક શક્તિશાળીઓ નબળા વર્ગને દબાવવા ધમાલ મચાવી જુલ્મ કરે છે તો ક્યાંક રાજકરણના નામે તો ક્યાંક ધર્મના નામે, ક્યાંક પ્રાંતવાદ, જાતિવાદના નામે હુલ્લડ થાય છે. વર્તમાન પત્રોનો અભ્યાસ કરો તો જોવા મળશે કે ભાઈના હાથે ભાઈનુ ખૂન, પતિએ પત્નીને જીવતી સળગાવી દીધી, કૌટુંબિક કંકાસથી કંટાળી પત્ની કે પતિનો આપઘાત, સાસુ વહુના ઝઘડાના સમાચાર, સાસરીવાળાઓના ત્રાસથી બાળકો સાથે માતાએ કૂવો પૂર્યો, લેણદારોના ત્રાસથી ઝહેર પીધું વગેરે સમાચારો વાંચવા મળે છે. હાલતાં ચાલતાં નજીવી બાબતે લોકો ઝઘડો ઉભો કરી દે છે અને ક્યારેક તે ખૂનરેજી તથા હુલ્લડો ઉભાં કરી સમાજની શાંતિને જાખમમાં નાખે છે. વળી વિશ્વભરમાં રાજકીય ગંદી પોલીસીઓના કારણે એક દેશ બીજા દેશને કમજોર કરવા તથા અન્ય દેશનું શોષણ કરવા શક્તિશાળી દેશ નબળા દેશો પર જુલ્મો સિતમ કરવા ચઢાઈઓ કરે છે અને લાખો નિર્દોષ પ્રજાજનોની લાશો ઢાળી દે છે. સારાંશ કે દિવસે દિવસે વિશ્વભરમાં વિવિધ દેશો વચ્ચે, સમાજમાં આપસમાં તથા કૌટુંબિક ઝઘડાઓ વધતા જઈ રહ્યા છે જેનાથી ઘરની, સમાજની, દેશોની શાંતિ જોખમાઈ



છે અને તેમની પ્રગતિ રૂંધાઈ જાય છે.

અમારો દાવો છે અને એ યકીની હકીકત છે તથા ઈતિહાસ પણ એના પર સાક્ષી છે કે, ''જો ઈસ્લામી આદેશોને અનુસરવામાં આવે તો વિશ્વમાં, સમાજમાં તથા દરેક ઘરમાં અમ્નો સુકૂન તથા શાંતિ તથા સુખ ચૈનનું સામ્રાજ્ય સ્થાપી શકાય છે.'' શરત એ છે કે નિખાલસપણે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیۡہِ وَسَلَّمَના ફર્માનો આદેશોને માન આપી તેના પ્રમાણે જીવવામાં આવે.

## ★ ગુસ્સાની બુરાઈ તથા તેને ઠંડો કરવાનો ઉપાય ★

સામાન્યતઃ ઝઘડાની શરૂઆત માણસને ગુસ્સો આવવાથી જ થાય છે. ગુસ્સામાં માણસ દિમાગી સંતુલન તથા સંયમ ગુમાવીને ન બોલવાનાં વેણ સામી વ્યક્તિ માટે બોલી નાખે છે અને બોલાચાલી પછી મારા મારી પર વાત આવે છે જેમાંથી મોટાં મોટાં હુલ્લડો પણ અસ્તિત્વમાં આવે છે જેનાં ભયાનક પરિણામો પૂરા સમાજને વેઠવાં પડે છે.

ગુસ્સાની ખરાબી રજૂ કરતાં અલ્લાહના પ્યારા હબીબ ﷺએ ફર્માવ્યું, ''ગુસ્સો ઈમાનને એ રીતે ખરાબ કરે છે જે રીતે ઈલવા (મશ્હૂર કડવી દવા) મધને ખરાબ કરે છે.'' *(બયહકી)*

અને સાચે જ માણસ જ્યારે ગુસ્સે થાય છે તો ક્યારેક તે શું બોલે છે તેનું તેને ભાન રહેતુ નથી અને ક્યારેક ગુસ્સાના અતિરેકમાં એવી વાણી બોલી નાખે છે કે જે તેના ઈમાનને બર્બાદ કરી નાખે છે ! તો જ્યારે ગુસ્સો આટલી ખતરનાક ચીજ છે એવું માણસ સમજી લે તો જરૂર ગુસ્સા વખતે સાવધાન થઈ જશે, અને તેને કાબૂમાં રાખવા કોશિશ કરશે. ગુસ્સાને કાબૂ કરવાનાં ઈનામો પણ જોઈ લો.

રબ તઆલા કુર્આને પાકમાં ફર્માવે છે : **''ગુસ્સાને પીનાર,**

લોકોને **માફ કરનાર** અને તેમના પર **એહસાન કરનાર**થી અલ્લાહ મહોબ્બત કરે છે."

નબી કરીમ ﷺએ ફર્માવ્યું, માફ કરવાથી ઈજ્જત વધે છે જેથી તમો દરગુઝરની આદત અપનાવો અલ્લાહ તઆલા તમને ઈજ્જત અતા કરશે. તેમજ ફર્માવ્યું, ક઼યામતના દિવસે અલ્લાહ તઆલા માફ કરનારાઓને વિના હિસાબે જન્નતમાં જવાનો હુકમ આપશે. *(નુઝહતુલ મજાલિસ, ૧/૬૪૧)*

હદીષે પાકમાં છે : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ કહ્યું કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે હઝરત મૂસા علیہ السلامએ અર્ઝ કરી કે, હે મારા પરવરદિગાર ! કોણ બંદો તારી નજીક વધુ ઈજ્જતવાળો છે ? ફર્માવ્યું, તે બંદો જે શક્તિ હોવા છતાં માફ કરી આપે. *(બયહકી, મિશ્કાત શરીફ)*

જ્યારે માણસ પોતાની સદ્‌બુદ્ધિને કામે લગાડીને વિચારે કે, "અલ્લાહની નજીક ઈજ્જતવાળા બનવું" એ કેટલી મહાન ખુશનસીબી છે, તો એ જરૂર પોતાના ગુસ્સાને ક઼ાબૂમાં રાખીને માફી તથા દરગુઝરની વૃત્તિ અપનાવશે અને એ જ મો'મિનની શાન છે.

વળી ઈસ્લામે ગુસ્સાને ઠંડો કરવાનો ઈલાજ પણ દર્શાવ્યો છે. હદીષે પાકમાં છે કે ગુસ્સો શૈતાનના તરફથી છે અને શૈતાન આગથી પેદા થાય છે અને આગ પાણીથી બુઝાવાય છે. પરિણામે જ્યારે કોઈને ગુસ્સો આવે તો વુઝૂ કરી લે. *(અબૂ દાઊદ)*

બીજી હદીષમાં છે કે જ્યારે કોઈને ગુસ્સો આવે તો જો એ ઉભો હોય તો બેસી જાય, જો ગુસ્સો દૂર થઈ જાય તો સારી વાત છે નહિતર સૂઈ જાય. *(અહમદ, તિર્મિઝી)*

હવે જ્યારે તમો ગુસ્સાને જ કંટ્રોલ કરી લેશો તો સ્વભાવિક છે કે વાત આગળ વધશે નહીં અને ઝઘડો ઉભો થતો જ અટકી જશે.



## ★ ઘમંડની બુરાઈ અને તેનો ઈલાજ ★

લડાઈ ઝઘડાનું એક કારણ ઘમંડ તથા તુંડમિજાઝીપણુ છે. માણસ ઘમંડના કારણે સામી વ્યક્તિને કાંઈ ગણતો નથી અને જેમ ફાવે તેમ વર્તાવ કરીને લડાઈ ઝઘડા ઉભા કરે છે જેનાથી જે ઘરમાં એવી વ્યક્તિ હોય તે ઘરની શાંતિ જોખમાયા કરતી હોય છે અને ધાંધલ ધમાલ, ગાળાગાળી, બોલાચાલી, ક્યારેક મારપીટ વગેરે બનાવ બન્યા કરે છે જેની કુટુંબીજનો તથા બાળકોના કુમળા માનસ પર પણ અસર પડે છે. આમ "હું કાંઈક છું !" અને "હું કહું તે જ થાય !" એવી વૃત્તિ માનવ સમાજમાં ઝઘડાઓને જન્મ આપી અનેક આફતો ઉભી કરે છે અને સમાજની પ્રગતિ પણ એનાથી રૂંધાઈ જાય છે, કેટલીયે તલાક઼ો થાય છે તો ખૂના મરકી પણ થાય છે, અને કેટલાય સંસારમાં આગ લાગી જાય છે. તો આ ઘમંડની બુરાઈ વિશે જાણી લો અને તેનાથી બચવા કોશિશ કરો.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ કહ્યું કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, "જે શખ્સના દિલમાં રાઈના દાણા બરાબર પણ ઘમંડ હશે તે જન્નતમાં જશે નહીં. અને ઘમંડ એ છે કે હક્ક઼ને ન માનવું અને લોકોને હલકા સમજવા." *(મુકાશફતુલ કુલૂબ)*

કુર્આન મજીદમાં છે : أَلَيْسَ فِي جَهَنَّمَ مَثْوًى لِّلْمُتَكَبِّرِينَ "ઘમંડીઓ (અભિમાનીઓ)નું ઠેકાણુ જહન્નમ છે." રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : હું તમને જન્નતવાળાઓની ખબર ન આપું ? તેઓ ઝઈફ છે જેમને લોકો ઝઈફ તથા હકીર જાણે છે, પરંતુ **હક઼ીક઼ત એ છે કે જો તે અલ્લાહની ક઼સમ ખાય બેસે તો અલ્લાહ એમને સાચા પાડી દે છે.** અને શું જહન્નમવાળાઓની ખબર ન આપું ? તેઓ સખ્ત બોલનાર અને કડકાઈભર્યા સ્વભાવવાળા તેમજ અભિમાની ઘમંડીઓ છે. *(બુખારી, મુસ્લિમ)*

ફર્માવ્યું કે **જે અલ્લાહને ખાતર નમ્રતા કરે છે અલ્લાહ એને બુલંદ કરે છે. તે પોતાના નફસમાં નાનો પરંતુ લોકોની નજરોમાં મોટો છે** અને જે બડાઈ કરે છે અલ્લાહ તઆલા એને પસ્ત કરે છે (નીચો પાડે છે) **તે લોકોની નજરોમાં ઝલીલ અને પોતાના નફસમાં મોટો છે.** તે લોકોની નજીક સુવ્વર અને કૂતરા કરતાં પણ વધારે હકીર છે. *(બયૂહકી)*

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! જોઈ લીધું તમે કે ઘમંડ કેટલી બુરી ચીજ છે કે હુઝૂર ﷺ એ ઘમંડી તથા તુંડમિજાઝીને જહન્નમી ગણાવ્યા અને આજિઝીવાળા, નમ્રતાવાળાને જન્નતી દર્શાવ્યા. તમે ક્યા લોકોમાં રહેવાનું પસંદ કરો છો ? જહન્નમીઓમાં કે જન્નતીઓમાં ? કોણ બદ્‌બખ્ત હશે જે જહન્નમીઓમાં રહેવાનું પસંદ કરશે ?! તો આટલુ વિચારીને ઘમંડને ત્યજી દો અને નમ્રતાવાળી તથા મૃદુવાણીવાળી જીવન પદ્ધતિ અપનાવો અને અલ્લાહ વ રસૂલની રઝામંદી પ્રાપ્ત કરી લો.

હે લોકો ! તમે કઈ ચીજ પર ઘમંડ કરી શકો એમ છો ? તમારા રૂપ સૌંદર્ય પર, તમારી ઔલાદ પર, ધણીની આવક પર, પુત્રના ફોરેનથી આવતા રૂપિયા પર, તમારી શારીરિક શક્તિ પર, તમારા મહેલો તથા બંગલા, ગાડી, વાડી પર, તમારી ફેકટરીઓ પર, તમારા સંખ્યાબળ પર ?! તમારા કુટુંબ તથા વંશ પર ?!

સાંભળો ! ઈસ્લામમાં ઘમંડ કોઈ બાબતે જાઈઝ નથી બલ્કે હરામ છે. એ ન ભૂલો કે તમારી પાસે જે કાંઈ છે તે રબ તઆલાની દૈન છે. એ ચાહે તો પળઝપકમાં તમારો ભરમ તોડી શકે છે. તમે સુંદર છો તેનો ભરમ છે તો તેને પળમાં ભાંગી શકે છે કે કોઈ બીમારી લાગી ગઈ ને સૌંદર્ય ખતમ ! કોઈ કુદરતી આફત ધરતીકંપ, રેલ કે દુકાળ કે સુનામી જેવી આફત આવી ગઈ કે તમે



રોટી રોટી માટે ફાંફાં મારતા થઈ જાવ, રહેવાનું ઘર પણ ન રહે, ખાવા દાણો પણ ન મળે અને કલાકોમાં ભીખ માંગતા કે શરણાર્થી કેમ્પમાં ખાતા થઈ જાવ ! ક્યાંક અકસ્માત થયો કે હૃદય રોગનો હુમ્લો થયો કે ઘરનો મોભી માર્યો ગયો ને પત્ની વિધવા, બાળકો યતીમ થઈ ગયાં ! ફેકટરીઓ પર, દુકાનો પર ક્યાંક આફત આવી, આગ લાગી કે રેલ કે ધરતીકંપમાં સૌ ખત્મ થઈ ગયું અને કુટુંબના સભ્યો કોઈ આફતના અકસ્માતના શિકાર બની ગયા અને કોઈ આધાર કે સહારો બાકી ન રહ્યો ! ખૂબ શક્તિવાન છો ને ઘડીમાં લકવો કે અન્ય બીમારીએ ઘેરી લીધા ! શું હૈસિયત છે તમારી ?! કઈ ચીજ પર તમો ઘમંડ કરી શકો એમ છો ?

આવો ! સબક માટે આ હિકાયત વાંચી લો. એક નેક મર્દનું બયાન છે કે મેં એક શખ્સને કા'બાનો તવાફ કરતાં જોયો. તેની સાથે તેના ખાદિમ હતા જેઓ બીજા લોકોને તવાફ કરવાથી રોકતા હતા. પછી એક દિવસ મેં તેને બગદાદના પુલ પર લોકો પાસે ભીખ માગતો જોયો. મેં ગરીબાઈનો સબબ પૂછયો તો કહેવા લાગ્યો, મેં એવા સ્થળે ઘમંડ કર્યો હતો જ્યાં લોકો આજિઝી, ઈન્કેસારી તથા નમ્રતા અપનાવે છે, એના કારણે અલ્લાહે મારા પર આ બેઈજ્જતી થોપી દીધી. *(નુઝહતુલ મજાલિસ, ૧/૫૫૨)*

માટે એટલું હમેશાં યાદ રાખો કે આપણી પાસે જે કાંઈ પણ છે તે અલ્લાહ તઆલાની દૈન છે જેથી તેનો શુક્ર અદા કરતા રહી આજિઝીવાળી નમ્રતાવાળી જિંદગી જીવો તો બંને જહાનમાં રાહત તથા ઈજ્જત છે.

## ★ ખુદાના બદ્‌તરીન બંદા કોણ ?! ★

કેટલાક લોકો એવી વિકૃતવૃત્તિવાળા હોય છે કે બે વ્યક્તિઓમાં ઝઘડો થાય તેનાથી પોતે ખુશી અનુભવે છે જેથી તેઓ એકબીજાની ચાડી ચુગલી કરતા રહે છે અને એકબીજા વિરુદ્ધ ચઢામણી કરતા

હોય છે. પણ ચુગલખોરથી અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ ખૂબ જ નારાજ થાય છે કે જે બે ભાઈઓ કે બહેનો વચ્ચે ઝઘડો કરાવી જુદાઈ કરાવે છે.

ચુગલખોરની બુરાઈ વર્ણવતી હદીષે પાક જુઓ ! હઝરત હુઝૈફા رضی اللہ عنہ એ ફર્માવ્યું કે મેં હુઝૂર ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે ચુગલખોર જન્નતમાં જશે નહીં. *(બુખારી વ મુસ્લિમ)*

બીજી હદીષે પાકમાં હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ગનમ અને અસ્મા બિન્તે યઝીદ رضی اللہ عنہا થી છે કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે ખુદા તઆલાના બદ્તરીન બંદાઓ તે છે જે લોકોમાં ચુગલી ખાતા ફરે છે અને મિત્રોની વચ્ચે જુદાઈ પડાવે છે. *(અહમદ, બયહકી)*

આ પરથી ચુગલખોરો તૌબા કરી લે અને અહીંની વાત ત્યાં ને ત્યાંની અહીં કરીને જહન્નમના હક્કદાર તથા ખુદાના બદ્તરીન બંદા ઠરવાથી બચે અને સમાજમાં ઉપસ્થિત થતા ઝઘડાઓને ટાળે.

### ★ કીનો રાખનાર મગફેરતથી મેહરૂમ ! ★

મુસલમાનને જેનાથી ઝઘડો થાય તેના હસદમાં તે બળ્યા કરે છે, તેનુ બુરુ થતાં ખુશ થાય છે અને સારું થતાં સળગી મરે છે. તેના પ્રત્યે કીનો તથા અદાવત રાખીને ફરે છે. એના અનુસંધાનમાં આ પ્રમાણે હદીષે પાક છે :–

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ કહ્યું કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે બંદાના અમલો દર અઠવાડિયે બે વાર પેશ કરવામાં આવે છે, પીર અને જુમેરાત. પછી દરેક બંદાની મગફિરત થાય છે સિવાય તે બંદાની કે પોતાના કોઈ મુસલમાન ભાઈના પ્રતિ બુગ્ઝ તથા કીનો રાખે છે. તેના વિશે હુકમ આપવામાં આવ્યો છે કે એ બંનેને રહેવા દો (એટલે કે ફરિશ્તા તેમના ગુનાહોને ન મિટાવે) ત્યાં સુધી કે તેઓની આપસની અદાવતથી દૂર ન થાય. *(મુસ્લિમ શરીફ)*



અને ઈર્ષા કેટલી બુરી ચીજ છે તેના વિશે જુઓ :–

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું કે ઈર્ષાથી પોતાની જાતને બચાવો એટલા માટે કે **ઈર્ષા (અદેખાઈ) નેકીઓને એવી રીતે ખાઈ જાય છે જેવી રીતે આગ લાકડીઓને.** *(અબૂ દાઊદ)*

સારાંશ કે હસદ તથા કીનાથી બચીને માણસ જો જીવે તો ઝઘડા ઉભા થવાને બદલે આપસમાં મેળ મહોબ્બત જાગશે અને ચૈન સૂકનથી ઘર તથા સમાજ ખીલી ઉઠશે.

### ★ પડોશી સાથે કઈ રીતે રહેશો ? ★

સામાન્યતઃ અડોશ પડોશમાં રહેતા લોકોમાં મોટાભાગે અણ બનાવ હોય છે, નાની નાની બાબતે ઝઘડા થતા રહે છે અને અબોલા ચાલ્યા કરતા હોય છે. પણ ઈસ્લામી તા'લીમ શું છે તે જુઓ અને મુસલમાન છો તો પડોશી સાથે મહોબ્બત પેદા કરો.

રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ખુદાની કસમ ! તે મો'મિન નથી, ખુદાની કસમ ! તે મો'મિન નથી, ખુદાની કસમ ! **તે મો'મિન નથી.** અર્ઝ કરવામાં આવી કે કોણ ? યા રસૂલલ્લાહ ! ﷺ ફર્માવ્યું કે તે માણસ કે જેનો પાડોશી તેની આફતોથી હિફાઝતમાં ન હોય. એટલે કે **જે પોતાના પાડોશીઓને તકલીફ આપે** છે. *(બુખારી, મુસ્લિમ)*

ફર્માવ્યું કે તે માણસ જન્નતમાં નહીં જાય જેનો પડોશી તેની આફતોથી અમનમાં નહીં હોય. *(મુસ્લિમ)*

ફર્માવ્યું કે જે માણસ અલ્લાહ અને કયામતના દિવસ પર ઈમાન રાખતો હોય તે પોતાના પાડોશી પર મહેરબાની કરે. *(હાકિમ)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہما કહે છે કે એક માણસે હુઝૂરની ખિદમતમાં અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ મને કેવી રીતે ખબર પડે કે મેં સારું કર્યું છે કે બુરું ? ફર્માવ્યું,

**જ્યારે તમે તમારા પડોશીઓને એવું કહેતાં સાંભળો કે તમે સારું કર્યું છે, તો બેશક ! તમે સારું કર્યું છે, અને જ્યારે એવું કહેતાં સાંભળો કે તમે ખરાબ કર્યું છે તો બેશક ! તમે બુરું કર્યું છે.** *(ઈબ્ને માજા)*

જ્યારે આપણે મુસલમાન છીએ તો આપણે આપણા પડોશી સાથે ઈસ્લામી હુકમો પ્રમાણે વર્તાવ કરીશું તો ઝઘડાઓને બદલે જરૂર મહોબ્બતનું વાતાવરણ છવાય જશે.

### ★ સ્ત્રીઓ ખાસ આ હદીષ ધ્યાનપૂર્વક વાંચે ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે એક માણસે અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! ﷺ ફલાણી ઓરત માટે કહેવાય છે કે તેણી નમાઝ, રોઝા અને વધારે પ્રમાણમાં સદકો કરે છે પરંતુ એક વાત એવી છે કે તેણી પોતાના પાડોશીઓને ઝબાનથી તકલીફ આપે છે. ફર્માવ્યું કે તે જહન્નમમાં છે. તેણે કહ્યું કે યા રસૂલલ્લાહ! ﷺ એમ કહેવાય છે કે ફલાણી ઓરત પાસે નમાઝ, રોઝા વગેરેની કમી છે (એટલે કે નફ્લ નમાઝ, રોઝા) તે પનીરના ટુકડાનો સદકો કરે છે અને જીભથી બોલીને પોતાના પાડોશીઓને તકલીફ આપતી નથી. ફર્માવ્યું કે તે જન્નતમાં છે. *(બયહકી, અહમદ)*

જેથી બહેનોએ પણ જોઈએ કે નાની નાની વાતોમાં કચ કચ ઝઘડા ઉભા ન કરે અને જહન્નમમાં પડવાથી બચે. વળી જ્યારે પડોશી સાથે સદ્વર્તાવનો આવો હુકમ છે તો ઘરના સભ્યો સાથે તો એથી વિશેષ સારો વર્તાવ કરવો અનિવાર્ય બને છે.

### ★ ભાઈ, વડીલ તથા નાના-મોટાના હક્કો ★

વળી સમાજમાં ઘણેખરે અંશે ભાઈ ભાઈમાં, કુટુંબમાં કાકા મોટા સાથે અનબન ચાલ્યા કરતી હોય છે અને મિલ્કત સંબંધે તેમજ અન્ય બાબતે ઝઘડા થતા રહેતા હોય છે. પણ આપણે



મુસલમાન છીએ તો અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ નાં ફર્માનોને સમજીને રહીએ તો ભાઈ ભાઈ પર જાન કુર્બાન કરવા તત્પર રહેશે, પોતે કુટુંબીઓ માટે રાહતનો સામાન બનશે અને વડીલોના દિલનું સુકૂન બની જશે.

હઝરત સઈદ ઈબ્ને આસ رضی اللہ عنہ એ કહ્યું કે, હુઝૂર علیہ السلام એ ફર્માવ્યું કે, **મોટાભાઈનો હક્ક્ નાના ભાઈ ભાઈ પર એવો છે જેવો કે બાપનો હક્ક્ બેટા પર.** *(બયહકી)*

સારાંશ કે નાનો ભાઈ મોટા ભાઈની બાપ જેટલી ઈજ્જત તથા કાળજી રાખે અને મોટો ભાઈ નાના ભાઈને પોતાના પુત્ર જેમ સમજી તેની લાગણી રાખે તો ભાઈ ભાઈમાં ઝઘડાને સ્થાન જ નથી રહેતું. વળી હદીષે પાક છે : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ કહ્યું કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે **જે અમારા નાનાઓ પર રહમ ન કરે, અમારા મોટાઓની ઈજ્જત ન કરે, નેકીનો હુકમ ન આપે અને બુરાઈથી મના ન કરે તે અમારામાંથી નથી.** *(તિર્મિઝી શરીફ)*

હઝરત અનસ رضی اللہ عنہ એ કહ્યું કે, હુઝૂર علیہ السلام એ ફર્માવ્યું કે, **કસમ છે તે જાતની જેની કુદરતના કબજામાં મારી જાન છે! કે બંદો ત્યાં સુધી મો'મિન નથી થતો જ્યાં સુધી પોતાના ભાઈના માટે પણ તે જ પસંદ કરે જેને તે ખૂદ પોતાના માટે પસંદ કરે છે.** *(બુખારી, મુસ્લિમ)*

જો ખરેખર તમે રસૂલે પાક ﷺના ચાહનાર છો તો આ ફર્માનોને ગળે લગાડી દો તો ભાઈ ભાઈમાં તથા કુટુંબમાં કદી અનબન થશે નહીં. ઈન્શાઅલ્લાહ !

### ★ અલ્લાહને રાજી કરવાના નુસ્ખા ★

રસૂલે કરીમ ﷺએ ફર્માવ્યું કે, જુવાન જો ઘરડા માણસની

ઈજ્જત તેની ઉંમરના કારણે કરશે તો એના ઘડપણ વખતે અલ્લાહ તઆલા એવાને મુકર્રર કરશે જે એની ઈજ્જત કરશે. *(તિર્મિઝી)*

વધુમાં રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મારી ઉમ્મતમાં જે બીજાની હાજત પૂરી કરી દે, જેનો મક્સદ એને ખુશ કરવા માટેનો હોય તો એણે મને ખુશ કર્યો અને જેણે મને ખુશ કર્યો તેણે ખુદાને રાજી કર્યો અને જેણે અલ્લાહને ખુશ કર્યો અલ્લાહ એને જન્નતમાં દાખલ કરશે. *(બયહકી)*

કુર્આને પાકમાં છે : اِنَّمَا الْمُؤْمِنُوْنَ اِخْوَةٌ "સર્વ મુસલમાન આપસમાં ભાઈ ભાઈ છે." અને હદીષે પાકમાં છે, "સર્વ મુસલમાન એક માણસની જેમ છે, જો એની આંખ બીમાર થઈ તો આખુ શરીર બીમાર થાય છે (ઢીલુ પડે છે) અને માથામાં બીમારી થઈ તો કુલ બીમાર છે." *(મુસ્લિમ)*

બીજી હદીષમાં છે : "એક મો'મિન બીજા મો'મિન માટે ઈમારતની જેમ છે કે એના અમુક ભાગ અમુક ભાગને શક્તિ પહોંચાડે છે. પછી હુઝૂર ﷺએ એક હાથની આંગળીઓ બીજા હાથની આંગળીઓમાં પરોવી એટલે કે જે રીતે આ મળેલી છે, એ રીતે મુસલમાનોએ રહેવું જોઈએ. *(બુખારી, મુસ્લિમ)*

મુસલમાન મુસલમાનનો ભાઈ છે, ન એના પર જુલ્મ કરો, ન એની મદદ છોડો અને **જે માણસ પોતાના ભાઈની હાજતમાં હોય અલ્લાહ એની હાજતમાં છે,** અને **જે માણસ મુસલમાનની કોઈ એક તકલીફ દૂર કરશે અલ્લાહ તઆલા ક્યામતની તકલીફોમાંથી એની એક તકલીફ દૂર કરશે. અને જે માણસ મુસલમાનની પર્દાપોશી કરશે અલ્લાહ તઆલા ક્યામતના દિવસે એની પર્દાપોશી કરશે.** *(બુખારી, મુસ્લિમ)*

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! મુસલમાનની મદદ કરવાનાં



કેટલાં મોટાં ઈનામોનું એલાન રબ્બે કરીમ ﷺ ફર્માવી રહેલ છે, તો આપણે વેર ઝેર ઝઘડા બાજુ પર રાખી આપસમાં ઈમાનવાળાઓ સાથે સદ્વર્તાવથી રહેવું જોઈએ. જો આ વાતો પર અમલ થવા લાગે તો સમાજમાં અમ્નો શાંતિનો મેળ મહોબ્બતનો ખુશ્નુમા માહોલ પેદા થઈ શકે છે.

## ★ સુલેહ કરાવવી સદકો છે ! ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું કે, "માણસના શરીરમાં જેટલાં અંગો છે દરેક અંગના તરફથી માણસના માથે દરરોજ એક સદકો કરવો વાજિબ છે, એટલા માટે કે દરેક અંગ એક સંપૂર્ણ નેઅમત છે અને દરેક નેઅમત પર શુક્ર અદા કરવો વાજિબ છે." અને એક માણસના શરીરમાં ત્રણસો સાઈઠ અંગો છે જેથી રોજના ૩૬૦ સદકા વાજિબ છે. હવે રબ તઆલાએ સદકાને આસાન પણ એટલો જ કર્યો છે : બે માણસો વચ્ચે ઝઘડો અને ખટાશ હોય તેમને સમાધાન કરાવી દેવું પણ સદકો છે, કોઈ મુસલમાન તરફ સ્મિત કરવું સદકો છે તથા મુસલમાનની વિવિધ નાની મોટી સહાય કરી આપવી સદકો છે, કોઈને રસ્તો પસાર કરાવી આપવો, કોઈના માથે સામાન ચઢાવવામાં મદદ કરવી......વગેરે સદકો છે.

હદીષે પાકમાં એ પણ છે કે, હુઝૂરે અક્દસ ﷺએ સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَને સંબોધતાં ફર્માવ્યું કે, શું હું તમને તે ચીજ ન બતાવું જે (નફલ) **નમાઝ, રોઝા તથા સદકા કરતાંય અફઝલ છે ?** પછી ફર્માવ્યું, **"તે એ છે કે લોકોની દરમ્યાન સુલહ કરાવવી."** *(અબૂ દાઊદ)* તો આપણે જોઈએ કે મુસલમાનોમાં આપસમાં ઝઘડો હોય તો ગમે તે રીતે સમાધાન કરાવવું જોઈએ.

## ★ ગાળાગાળી તથા જુલમ કરવાથી બચો ★

રસૂલે પાક ﷺએ મુનાફિક઼ની ત્રણ નિશાનીઓ દર્શાવી : ''વાત કરે તો જૂઠ બોલે, વાયદો કરે તો વાયદા ખિલાફી કરે અને ઝઘડો કરે ત્યારે ગાળો બોલે.'' બીજી જગાએ હદીષે પાકમાં છે કે મુસલમાનને ગાળ આપવી ફિસ્ક઼ તથા ગુનો છે. *(બુખારી તથા મુસ્લિમ)*

તથા જુલ્મ વિશે ફર્માવ્યું કે, ''જુલ્મ ક઼યામતના દિવસે અંધકાર હશે. હુઝૂર ﷺએ વધુમાં ફર્માવ્યું, ''જે શખ્સ એક વેંત બરાબર જમીન જુલ્મ વડે મેળવી લે છે તેના ગળામાં અલ્લાહ તઆલા સાતેવ જમીનોનો હાર (તોક) નાખશે.

જેથી મુસલમાનોએ જોઈએ કે જીભની હિફાઝત કરે તથા કોઈના પર જુલ્મ કરવાથી બચે, કોઈની સાથે નાઈન્સાફી થઈ ગઈ હોય તો તેને તેનો હક્ક઼ પહોંચાડી આપે અને પછી તેની માફી માંગી લઈ પોતાની આખેરતને સંવારી લે.

સારાંશ કે માણસે જોઈએ કે આપસી માહોલ શાંતિમય તથા પ્રેમાળ બનાવી રાખવા માટે સબ્રથી કામ લે અને હુસ્ને અખ્લાક઼ (સદ્‌વર્તાવ)થી જીવન જીવે.

## ★ હુસ્ને અખ્લાક઼ની ફઝીલત ★

અંતમાં હુસ્ને અખ્લાક઼ વિશે સરકારે દો આલમ ﷺનાં થોડાંક ફર્માનો જોઈ લો :–

★ ''તમારામાં સૌથી સારો તે છે જેના અખ્લાક઼, સૌથી સારા હોય.'' *(બુખારી શરીફ, ૧/૫૦૩)*

★ ''બેશક ! તમારામાં તે શખ્સ મારી નજીક અધિક પ્યારો બનશે જે તમારામાં અખ્લાક઼ના એતબારથી સૌથી સારો હોય.'' *(બુખારી શરીફ, ૧/૫૩૧)*



★ તમે હુસ્ને અખ્લાક઼ (સદ્‌વર્તાવ)ને અનિવાર્યપણે પકડી લો એટલા માટે કે હુસ્ને અખ્લાક઼ જરૂર જન્નતમાં જશે, અને બુરા અખ્લાક઼થી બચો એટલા માટે કે બદ્‌અખ્લાક઼ી જરૂર જહન્નમમાં જશે. એટલે કે હુસ્ને અખ્લાક઼વાળો જરૂર જન્નતમાં જશે અને બદ્‌અખ્લાક઼વાળો જરૂર જહન્નમમાં જશે.

★ કેટલીકવાર માણસ હુસ્ને અખ્લાક઼ના કારણે રાત્રે જાગી ઈબાદત કરનાર તથા દિવસે પાબંદીથી રોઝા રાખનારના દરજ્જે પહોંચી જાય છે. *(સુનને અબૂ દાઊદ)*

★ બેશક ! દરેક દીનનો એક ખાસ ખુલ્ક઼ (આદત) હોય છે અને ઈસ્લામનો ખાસ ખુલ્ક઼''હયા'' (શરમ) છે, જેથી બેશરમ થવું બદ્‌અખ્લાક઼ી છે.

★ કોઈ ચીજ મો'મિનના મીઝાને અમલમાં ક઼યામતના દિવસે સારા અખ્લાક઼થી વધુ વજનદાર નથી અને બેશક ! અલ્લાહ તઆલા કટુવાણીવાળાને પસંદ નથી કરતો અને જે બેહુદા બકવાસ કરનારો છે.'' *(તિર્મિઝી)*

આ સિવાય અસંખ્ય હદીષો સદ્‌વર્તાવ વિશે છે, તેમજ હુઝૂરે અન્વર ﷺએ પોતાના જીવનમાં સદાય સદ્‌વર્તાવનું પ્રદર્શન કર્યું છે. ફતહે મક્કાના પ્રસંગે જીવનભર આપને સતાવનાર, આપના લોહીના તરસ્યા તથા આપના જાની દુશ્મનોને પણ નબી કરીમ ﷺએ માફ કરી આપ્યા હતા. એવા હુસ્ને અખ્લાક઼નું દષ્ટાંત પૂરૂ પાડવા દુનિયા લાચાર છે. જો આપણે આશિકે રસૂલ છીએ તો આપણે પણ હુસ્ને અખ્લાક઼વાળી જીવન પદ્ધતિ અપનાવવી જોઈએ.

અને સાચે જ જગતભરમાં આ નિયમો પર અમલ થાય તો જગતભરમાં અમ્નો શાંતિનું સામ્રાજ્ય સ્થાપી શકાય છે.

وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ